## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ




ગુણોત્સવ, પ્રવેશોત્સવને વાર છે ત્યાં સુધી આપણે તળાવ ઉંડા કરવાનો ખાડોત્સવમાં ફરજીયાત ભાગ લેવાનો છે.

# રાયપુર નર્મદા કેનાલમાંથી બે મૃતદેહો તરતા મળ્યા

### ડભોડા ગામના એક યુવાનનો મૃતદેહ નીકળ્યો : બીજો નીકળેલો બિનવારસી યુવતીનો મૃતદેહ કોનો છે? તેની તપાસ ચાલુ



ગાંધીનગર, તા.૮
ડભોડા નજીક આવેલી રાયપુર નર્મદા કેનાલમાંથી આજે સવારે દશેક વાગ્યાના અરસામાં એક યુવાન અને એક યુવતીનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. બંને મૃતદેહો બહાર કઢાવી ડભોડા પોલીસે તપાસ કરતા ડભોડા ગામનો યુવાન હોવાનું બહાર આવ્યું છે. જયારે યુવતીની હજુ સુધી ઓળખ થઈ શકી નથી. ડભોડા પોલીસે અકસ્માત મોતના ગુના દાખલ કરી બંને ઘટનામાં તપાસ શરુ કરી છે. બિનવારસી યુવતીનો મૃતદેહ કોલ્ડ રૂમમાં મુકાવી તેણીની ઓળખ માટે કવાયત શરુ કરવામાં આવી છે.

કેનાલ સિકયુરીટી ગાર્ડ પ્રવિણ ઠાકોર આજે સવારે કેનાલ પેટ્રોલીંગમાં હતા ત્યારે તેને રાયપુર નર્મદા કેનાલમાં તરતા બે મૃતદેહો દેખાયા હતા. ડભોડા પોલીસને જાણ કરી બંને મૃતદેહો બહાર કાઢી પોલીસને સોંપ્યા હતા. ડભોડા પોલીસમથકના જમાદાર વેલજીભાઈએ બંને મૃતદેહો પોસ્ટમોર્ટમ માટે લઈ જઈ પાસ કરતા ૩૫ વર્ષના નવ યુવકના મૃતદેહ અંગે જાણવા મળ્યું કે ડભોડા ગામમાં વણકર વાસમાં રહેતા ગુણવંતભાઈ ઉર્ફે સાગર રેવાભાઈ જાદવનો મૃતદેહ હતો. કોઈ કારણોસર તેણે આપઘાત કરી લીધો હતો જે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. તો બીજી તરફ આશરે ૧૫ થી ૨૦ વર્ષની યુવતીનો જે મૃતદેહ મળ્યો તે હજુ બિનવારસી છે. તેણીની ઓળખ થઈ શકી નથી. યુવતીના શરીરે લીલુ ટોપ અને પીળા રંગની જેગીંસ પહેરેલ છે. તેણીના ડાબા હાથના અંગુઠા ઉપર અંગ્રેજીમાં 'દ્ધ' લખેલું છે. મૃતદેહ પીએમ કરાવી ડભોડા પોલીસે કોલ્ડ રૂમમાં મુકી તેણીની ઓળખવિધિ માટે તજવીજ શરુ કરી છે. ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં ગુમ યુવતીઓની યાદી મેળવી તે દિશામાં તપાસ શરુ કરાઈ રહી છે.

# સે. ૭માં જરૂરિયાતમંદોને ગાંધી યુથ ક્લબે ભોજન સેવા પુરી પાડી

ગાંધીનગર, તા. ૮
શહેરની ગાંધી વિચારને વરેલી અને ગાંધી વિચાર તથા ખાદીના પ્રચાર પ્રસાર હેતુ કાર્યરત સંસ્થા ગાંધી યુથ કલબ દ્વારા સોમવારે સાંજે ગાંધીનગરના સે. ૭માં જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોને ભોજન સહાય પીરસવાનુ સેવાકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. આ સેવા કાર્ય સ્વ. ધાનબાઈ ખીમરાજભા રાબાની ૩જી પુણ્યતિથી નિમિત્તે શ્રદ્ધાંજલિ સ્વરૂપે યોજવામાં આવ્યું હતું. જેમાં ૨૦૦ જેટલા જરૂરિયાતમંદોએ લાભ લીધો હતો.



ગાંધી યુથ કલબ દ્વારા કોઈપણ ધર્મ, જાતિ અથવા અન્ય ભેદભાવ વિના જરૂરિયાતમંદ, વૃદ્ધજન, શારીરિક અસક્ષમ વ્યક્તિઓને જે તે સ્થળ પર જ ભોજન સહાય પીરસવાનુ ઉપક્રમ આયોજિત કરવામાં આવે છે. સોમવારે આયોજિત સેવાકાર્યમાં જરૂરિયાતમંદોને છોલેપુરી તથા કેળાનુ ભોજન પીરસવામાં આવ્યું હતું. આ સેવાકાર્ય માટે સંસ્થાના સ્વયંસેવકો બિપીનભાઈ શાહ, નિમેષ વાઘેલા, શિરિષ મકવાણા ઉપરાંત હરેશ્વરી રાબાએ સેવાઓ આપી હતી. આ સેવા કાર્યને પગલે ૨૦૦ જેટલા જરૂરિયાતમંદ વ્યક્તિઓને તૃપ્તીનો ઓડકાર માણ્યો હતો. ગાંધી યુથ કલબ દ્વારા દાતાઓ દ્વારા તેમના સ્નેહીજનોની પુણ્યતિથી કે અન્ય અવસરે આ પ્રકારની ઉમદા સેવાકાર્ય હાથ ધરવાની સેવા પુરી પાડવામાં આવે છે.

## દેના બેંકના ઝોનલ મેનેજર તરીકે ઉપાધ્યાય નિમાયા



ગાંધીનગર, તા. ૮
દેનાબેંકના ઝોનલ મેનેજર તરીકે વિનોદચંદ્ર ઉપાધ્યાયની નિમણુંક કરવામાં આવી છે. બેંકના ઝોનલ મેનેજરની બદલી થતાં ઉપાધ્યાયે તેમનો આ નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.

ઉપાધ્યાય અગાઉ પણ ગાંધીનગરમાં દેનાબેંકમાં ફરજો બજાવી ચુક્યા છે. તેમણે બેંકમાં વિવિધ હોદ્દાઓ પર સફળતાપૂર્વક સેવાઓ આપી છે જે નોંધનીય છે.

## સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટીના આસી. પ્રોફેસર પીએચ.ડી થયા

ગાંધીનગર, તા. ૮
રાષ્ટ્રસંત ટુકડોજી મહારાજ



નાગપુર યુનિવર્સિટી દ્વારા ૧૦૫મો પદવીદાન સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગર સ્થિત સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીમાં સ્પોર્ટસ જર્નાલિઝન એન્ડ માસ મિડીયા ટેકનોલોજી વિષયના મદદનીશ પ્રાધ્યાપક શ્રીમતી સ્મિતી પાઢીને 'રોલ ઓફ ઈન્ટરનેટ ઈન પ્રમોટીંગ મિડીયા' વિષયે સંશોધન બદલ પીએચ.ડી.ની પદવી એનાયત કરવામાં આવી હતી. તેમની આ સિદ્ધિ બદલ સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટી પરિવારે અભિનંદનવર્ષા કરી હતી.

# સંત રોહિદાસ સેવા સમાજ આયોજીત સમૂહ લગ્નોત્સવ યોજાયો




ગાંધીનગર, તા. ૮
સંત રોહિદાસ સેવા સમાજ ગાંધીનગર દ્વારા આજે સેકટર-૬ રોહિદાસ મંદિર પરિસરમાં સમાજના દિકરા-દીકરીઓનો ૧૨મો સમુહ લગ્નોત્સવ યોજાયો હતો. જેમાં ૨૩ નવ યુગલોએ પ્રભુતામાં પગલા માંડ્યા હતા. આ સમુહલગ્ન અવસરે મુખ્યમંત્રી સહિત આમંત્રિતો તેમજ સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

સંત રોહિદાસ સેવા સમાજ યોજીત સમૂહલગ્નોત્સવમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સંબોધન કરતા જણાવ્યુ હતુ કે સમુહલગ્નોત્સવો સામાજિક સદ્ભાવના અને સમાજ શક્તિની ક્ષમતા-તાકાત ઉજાગર કરતા સંસ્કાર છે તેવો સ્પષ્ટ મત વ્યક્ત કર્યો છે. વધુમાં લગ્નજીવનથી બે વ્યક્તિઓ જ નહી બે પરિવારો સ્નેહના અતુટ સંબંધે જોડાય છે અને સમાજ વ્યવસ્થા વિકસીત થાય છે. અંતે મુખ્યમંત્રીએ નવ પરિણીત યુગલોને રાજ્ય સરકાર વતી સુખી દિર્ઘાયુ લગ્નજીવનની મંગલ કામનાઓ પાઠવી હતી અને એક જ માંડવે અનેક દીકરીઓને સાસરે વળાવવાના પ્રસંગમાં સમાજ સમસ્ત અને આયોજકો શ્રેષ્ઠીઓ માવતર બની ઉભા રહે છે તેની પણ સરાહના કરી હતી. વિજય રૂપાણીના હસ્તે ૧૨મા સમૂહ લગ્નોત્સવમાં લગ્નગ્રંથીથી જોડાયેલા ૨૩ યુગલોને સમાજ કલ્યાણ વિભાગના પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. આ પ્રસંગે મંત્રી ઈશ્વરભાઈ પરમાર, ધારાસભ્ય કરશનભાઈ, પૂર્વ વિધાયક આર.એમ. પટેલ, સંત રોહિદાસ સમાજ પ્રમુખ નિર્મલભાઈ ડાહ્યાભાઈ પરમાર તેમજ યુગલોના પરિવારજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.



સેક્ટર-૧માં સમદર્શન નજીક આવેલ કાંશની સફાઈ આજે સુજલામ્ સુફલામ્ જળસંચય યોજના અંતર્ગત હાથ ધરવામાં આવી હતી. આ સફાઈ અભિયાનમાં ગુડાના પૂર્વ ચેરમેન આશિષ દવે, શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ દાસ, સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલ, કાઉન્સીલર નરેશભાઈ પરમાર અને અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## આદિવાડામાં મકાનમાં દરોડો પાડી એલસીબીએ બિયરની બોટલો પકડી

### છ બિયરના ટીન અને બોટલો જપ્ત કરી મહિલા બુટલેગર સામે કાર્યવાહી કરી



ગાંધીનગર, તા.૮
ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીત અને તરલ ભટ્ટની સુચનાથી તેમની ટીમો દારૂ-બિયરની હેરાફેરી અને તેના વેચાણને સદંતર બંધ કરવા સક્રીય થઈ છે. પીએસઆઈ વી.એમ. ઝાલાની ટીમ પેટ્રોલીંગમાં હતી તે સમયે ચોકકસ બાતમી મળી હતી કે સે-૨૮ સામે આદિવાડા ખાતે રામાપીરના મંદિર પાસે દંતાણી વાસમાં રહેતી સવિતા મુકેશ દંતાણીના મકાનમાં બિયરનો જથ્થો પડયો છે. આ બાતમી આધારે એલસીબીની ટીમે રેઈડ કરી ઓસરીના ભાગે પલંગ નીચેથી એક થેલો પકડી પાડયો હતો. આ થેલામાંથી બિયરના ટીન અને બોટલો મળી રૂ. ૭૫૦નો મુદ્દામાલ જપ્ત કરી સવિતા દંતાણી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સમસ્ત બ્રહ્મ વિકાસ પરિષદના જિલ્લા ઉપપ્રમુખ નિમાયા



ગાંધીનગર, તા. ૮
ગાંધીનગર શહેરના અગ્રણી અને ભાજપના વોર્ડ નં. ૪ના પૂર્વ પ્રમુખ કેતનભાઈ જોશીની સમસ્ત બ્રહ્મ વિકાસ પરિષદના ગાંધીનગર જિલ્લા ઉપપ્રમુખ તરીકે નિમણુંક કરવામાં આવી છે.

# એનઆઈસીએમમાં છેલ્લા ૩ વર્ષમાં એમબીએમાં સો ટકા પ્લેસમેન્ટ

### વિદ્યાર્થીઓનું દેશની પ્રખ્યાત કંપનીઓમાં રૂ.૩ થી ૯.૫૦ લાખનું જોબ પેકેજ

ગાંધીનગર, તા.૮
ગાંધીનગર શહેરના આંગણે




ચ-૦ સર્કલ પાસે ઈન્ફોસીટીને અડીને આવેલ શ્રી જયરામભાઈ પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટની સંસ્થા આવેલી છે. જે એનઆઈસીએમ નામથી પ્રખ્યાત છે, આ સંસ્થા ૨૫ એકરની વિશાળ જગ્યામાં પથરાયેલી છે. આ સંસ્થામાં છેલ્લા પાંચ વર્ષથી અભ્યાસ કરી ચુકેલા વિદ્યાર્થીઓનું ૯૫ ટકા પ્લેસમેન્ટ થયું છે. જયારે છેલ્લા ૩ વર્ષથી ૧૦૦ ટકા પ્લેસમેન્ટ વિદ્યાર્થીઓનું થયું છે. દેશની ખ્યાતનામ કંપનીઓમાં વિદ્યાર્થીઓને ૩ થી ૯.૫૦ લાખનું નોકરીનું પેકેજ મળ્યું છે. ત્યારે આ સંસ્થામાં વિદેશી વિદ્યાર્થીઓ પણ એમબીએનો અભ્યાસ કરવા આવે છે.

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી સાથે સંકળાયેલ આ સંસ્થામાં ૨ વર્ષનો ફુલ ટાઈમ એમબીએ (માસ્ટર ઈન બીઝનેસ એડમીનીસ્ટ્રેશન)નો કોર્ષ ચાલે છે. શહેરના પ્રવેશદ્વારા સમાન ચ-૦ પાસે આવેલ અને ૨૫ એકર જમીનમાં પથરાયેલી સુંદર સંસ્થા છેલ્લા ૨૧ વર્ષથી કાર્યરત છે. સંસ્થામાં વિદ્યાર્થીઓ માટે રહેવા-જમવાની ઉત્તમ સગવડ સાથે અભ્યાસ માટે એસી કલાસરુમ, ઈન્ટરનેટ સુવિધાથી સજ્જ કોમ્પ્યુટર લેબ, તેમજ ૩૫ હજાર થી વધુ પુસ્તકો અને ૬૪ નેશનલ અને ૪૬ થી વધુ ઈન્ટરનેશનલ લેવલના ઈ-જનરલનો સંગ્રહ ધરાવતી લાયબ્રેરી આવેલી છે.

જયારે આ અંગે એમબીએના પ્રોગામ ડાયરેકટર ડો. બી.કે.નિર્મલના જણાવ્યા મુજબ એમબીએ પ્રોગામની શરુઆતથી મેનેજમેન્ટ દ્વારા ખાસ રસ લઈને વિદ્યાર્થીઓને અભ્યાસથી લઈને તેઓના પ્લેસમેન્ટની કામગીરીનું સતત માહિતી-માર્ગદર્શન આપી તેઓને પ્રોત્સાહીત કરવામાં આવે છે. વિદ્યાર્થીઓના એમબીએ પ્લેસમેન્ટની સાથોસાથ સમર ઈન્ટરશીપનું પણ માર્ગદર્શન આપાવામાં આવે છે.

પ્રો.યશ ભટ્ટ કે જેઓ પ્લેસમેન્ટની કામગીરી પણ સંભાળી રહ્યા છે. તેઓના થકી એમબીએના વિદ્યાર્થીઓનું સતત ૩ વર્ષથી ૧૦૦ ટકા પ્લેસમેન્ટની સિદ્ધી હાંસલ કરવામાં આવી છે. જેને અનુલક્ષી ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓને ટીસીએસ, એચડીએફસી મ્યુચ્યુલ ફંડ, ટોરેન્ટ પાવર, ઈન્ડીયા માર્ટ કોલગેટ, પેટીએમ, હીટાચી કોટક બેંક, યશ બેંક, એશીનયન પેઈન્ટ્સ, બજાજ કેપીટલ, સહિત ૧૫૦ થી વધુ અગ્રણી કંપનીમાં નોકરી મળેલ છે. વર્ષ ૨૦૧૬-૧૮ બેચના વિદ્યાર્થીઓનું ૧૦૦ ટકા પ્લેસમેન્ટ થઈ ગયું છે. અત્યાર સુધીનું હાઈએસ્ટ પેકેજ ૯.૫૦ લાખનું છે અને એવરેજ પ્લેસમેન્ટ ઓફર વાર્ષિક રૂ.૩ લાખ રહ્યું છે. આ બેચના વિદ્યાર્થીઓ માટે અંદાજીત ૬૩ કંપનીઓએ સંસ્થાના વિદ્યાર્થીઓના પ્લેસમેન્ટ માટે રસ દાખવ્યો છે. ત્યારે શહેના અડીને આવેલ એનઆઈસીએમ કેમ્પસ ગાંધીનગર માટે ગૌરવની વાત છે.

## કિસાન મોરચાના અગ્રણીઓ સાથે હિતેન્દ્ર પટેલ ઈઝરાયેલના પ્રવાસે



ગાંધીનગર, તા. ૮
ભાજપ પ્રદેશ કિસાન મોરચાનું એક પ્રતિનિધિ મંડળ ઈઝરાયેલની મુલાકાતે જઈ રહ્યુ છે. જેમાં જિલ્લાના અગ્રણી હિતેન્દ્ર પટેલ સહિતના આગેવાનો જઈ રહ્યા છે.

ઓછા પાણીથી સમૃદ્ધ ખેતીના અભ્યાસ માટે જઈ રહેલ આ પ્રતિનિધિમંડળ ત્યાં કૃષિ મહોત્સવમાં પણ ભાગ લેશે એટલુ જ નહિ ત્યાંના વિવિધ સંશોધન કેન્દ્રોની મુલાકાત લેનાર છે.

## જમીન વિકાસ નિગમના એમ. ડી. કે. એસ. દેત્રોજાને છાતીમાં દુખાવો ઉપડ્યો

ગાંધીનગર, તા.૮
એસીબીની ટીમોએ પખવાડીયા પહેલા સેકટર-૧૦ ખાતે આવેલી જમીન વિકાસ નિગમની કચેરીમાં દરોડા પાડ્યા હતા. સ્થળ પરથી નિગમના એમડી કે.એસ.દેત્રોજા, જોઈન્ટ ડિરેકટર કે.સી.પરમાર સહિત પાંચ અધિકારી-કર્મચારીઓ પાસેથી મળીને રૂ.૫૬ લાખથી વધુ કેશ મળી આવી હતી. ઐતિહાસિક આ રેઈડમાં એસીબીએ તપાસ કરતા લાંચની રકમ હોવાનું ધ્યાને આવ્યું હતું. ગુનોં દાખલ થયા બાદ એમ.ડી. ભુગર્ભમાં જતા રહ્યા હતા. આખરે એસીબીએ શોધીને તેમની ધરપકડ કરી હતી.એસીબીના સવાલોનો મારો રિમાન્ડ દરમિયાન શરુ થતા નિગમના એમડી દેત્રોજાને છાતીમાં દુખાવો શરુ થઈ ગયો હતો. એસીબીની ટીમે તેમને હોસ્પિટલ લઈ જવાની ફરજ પડી હતી. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ ગયા બાદ દેત્રોજાને વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરાયા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ જીએલડીસીની કચેરી માં સર્ચ દરમિયાન એસીબીને જીએલડીસીના મેનેજીંગ ડીરેકટર કે.એસ.દેત્રોજા પાસેથી ૧.૨૮ લાખ રોકડ તથા સોનાના કેટલાક દાગીના મળી આવ્યા હતા. જેને અનુલક્ષી તેની સામે અપ્રમાણસર મિલકત અને રૂપીયાનો ગુનોં નોંધવામાં આવ્યો છે. સર્ચ દરમિયાન જોઈન્ટ ડિરેકટર કે.સી.પરમાર પાસેથી રૂ.૪૦ .૫૨ લાખ મળી આવ્યા હતા. આ નાણા દેત્રોજા વતી ઉઘરાવવામાં આવ્યા હોવાનું નિવેદન કે.સી.પરમારે એબીસીને આપ્યું હતું. દેત્રોજાની અમદાવાદ ડીસીબી બ્રાંન્ચે ધરપકડ કર્યા બાદ ગત્ તા.૩જી મે એ તેને કોર્ટમાં રજુ કર્યો હતો. એસીબી એ ૧૫ મુદ્દાની તપાસ માટે તેની હાજરી અનિવાર્ય હોવાથી કોર્ટ પાસેથી ૧૪ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. આ રિમાન્ડ પર રહેલ દેત્રોજાને ગઈ કાલે રાત્રીના સમયે અચાનક છાતીમાં દુખાવો ઉપડતા રાત્રીના સાડાદશ વાગ્યાના અરસામાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર તાત્કાલીક વિભાગમાં લાવ્યા હતા.

ત્યારબાદ દેત્રોજાને આઈસીયુ વિભાગમાં એડમીટ કરાયા હતા. જયા ફરજ રહેલા તબિબે પ્રાથમિક સારવાર આપી હતી. આજે સવારે દેત્રોજાના હદયને અનુલક્ષી કેટલાક ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આ બધા ટેસ્ટ નોર્મલ આવ્યા હતા. પરંતુ છાતીમાં દુખાવાની ફરિયાદ તેમજ ગભરામણ રહેતી હોવાથી સિવિલના તબિબોને કાર્ડીયોલોજીની વધુ તપાસની જરુર જણાતા દેત્રોજાને અમદાવાદ યુ.એન.મહેતા હોસ્પિટલમાં બપોરના સમયે રીફર કરાયા હતા.

**ટુંકી જાહેરખબર**
**મહેસૂલ તપાસણી કમિશનરની કચેરી**

આ કચેરી હસ્તનું રદબાતલ કરેલ વાહનનું જે તે સ્થિતિમાં નિકાલ કરવાનો થતો હોવાથી રસ ધરાવતી વ્યક્તિ / સંસ્થાઓ જે ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એક્ટ ૨૦૧૭ (જી.એસ.ટી.) નીચે નોંધાયેલ હોય તેની પાસેથી બંધ કવરમાં નિયત નમુનામાં તા. ૨૨/૫/૨૦૧૮ના રોજ બપોરના ૧૪-૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે ઓફર મંગાવવામાં આવે છે.

**વાહન નંબર**
**ટાટા ઈન્ડીગો એલ બીએસ III એ.સી. (ડીઝલ) નં. જીજે-૧૮-જી-૨૨૪૭**

અરજીનો નમુનો તથા અન્ય શરતો અંગેની વિહતો વહીવટી શાખા, મહેસૂલ તપાસણી કમિશનરની કચેરી, મહેસૂલ વિભાગ, બ્લોક નં.૧૧, ૭મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર ખાતેથી કચેરી સમય (રજાના દિવસ સિવાય) દરમિયાન બપોરના ૧૪-૦૦ કલાક સુધીમાં મળી શકશે.

તા. ૮/૫/૨૦૧૮
સહી/-
**(ડો. એલ. કે. વાણીયા)**
નાયબ કલેકટર (તપાસણી)
મહેસૂલ તપાસણી કમિશનરની કચેરી,
ગાંધીનગર.

**સ્થળ : મહેસૂલ તપાસણી કમિશનરની કચેરી,
બ્લોક નં. ૧૧, ૭ મો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર**
માહિતી/૩૪૪/૧૮-૧૯